# GSSSB CBRT Adv 378 CCE 2026

| | |
|---|---|
| Test Date | 20/09/2026 |
| Test Time | 9:00 AM - 11:00 AM |
| Subject | 378 Combined Competitive Examination |

Section : **English**

**Q.1** **Select the most suitable option to complete the sentence.**

**They witnessed _______ unique cultural performance during the festival.**

**Ans**
- ✗ 1. an
- ✗ 2. No article
- ✓ 3. a
- ✗ 4. the

**Q.2** **Select the option which correctly converts the complex sentence to compound sentence:**
**The laptop that I purchased last week has already started malfunctioning.**

**Ans**
- ✓ 1. I purchased a laptop last week, and it has already started malfunctioning.
- ✗ 2. I purchased a laptop last week, had started malfunctioning.
- ✗ 3. Having purchased a laptop last week, which has already started malfunctioning.
- ✗ 4. I purchased a laptop last week, which has already started malfunctioning.

**Q.3** **Select the most appropriate meaning of the given proverb.**

**Never judge a book by its cover.**

**Ans**
- ✗ 1. Expensive things are usually better.
- ✗ 2. Reading develops character which brings prosperity.
- ✓ 3. Appearances can be misleading.
- ✗ 4. Books should be read completely and thoroughly.

**Q.4** **Choose the correct form of future perfect tense of the given sentence:**

**They reached the station before the train left.**

**Ans**
- ✗ 1. They were reaching the station before the train left.
- ✗ 2. They had reached the station before the train left.
- ✗ 3. They will reach the station before the train leaves.
- ✓ 4. They will have reached the station before the train leaves.

**Q.5** **Select the option that best replaces the underlined part to make the sentence grammatically correct.**

**The students are interested <u>for</u> learning more about environmental science.**

**Ans**
- ✗ 1. at
- ✗ 2. on
- ✗ 3. for
- ✓ 4. in

**Q.6** **Select the sentence that correctly uses the passive voice.**

**Ans**
- ✗ 1. The farmer increased crop production by using drip irrigation.
- ✗ 2. The detectives solved the mystery by examining the evidence carefully.
- ✓ 3. The ancient trade route was blocked by heavy snowfall.
- ✗ 4. The patient communicated with the doctor by email.

**Q.7** **Choose the correct form of future tense:**
**The diplomatic delegation _______ for Geneva tomorrow evening, following months of intense structural planning.**

**Ans**
1. will have been leaving ✗
2. leaves ✗
3. will have left ✗
4. will be leaving ✓

**Q.8** **Select the most appropriate option that can be used as a one-word substitute for the highlighted segment in the given sentence.**

**The palace was attacked by a/an <u>person who illegally seizes a throne or position of power.</u>**

**Ans**
1. intruder ✗
2. usurper ✓
3. rebel ✗
4. saboteur ✗

**Q.9** **Arrange the following word segments to form a complete sentence:**
**(A) left the students thoroughly disappointed**
**(B) forcing a sudden cancellation**
**(C) of the long-awaited picnic**
**(D) torrential morning rain**

**Ans**
1. A D C B ✗
2. D A C B ✗
3. C B D A ✗
4. D B C A ✓

**Q.10** **"He is my elder brother." નો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?**

**Ans**
1. તે મારો નાનો ભાઈ છે. ✗
2. તે મારો મોટો ભાઈ છે. ✓
3. તે મારો મિત્ર છે. ✗
4. તે મારા પિતાજી છે. ✗

**Q.11** **Select the most appropriate option to fill in the blank.**
**The geographer noted that the river _______ its course significantly over the preceding two centuries due to extensive deforestation in the region.**

**Ans**
1. would change ✗
2. has changed ✗
3. had changed ✓
4. was changing ✗

**Q.12** **Choose the correct option to fill in the blank.**

**I am not sure _____ he likes the gift sent by me or not.**

**Ans**
1. whether ✓
2. since ✗
3. because ✗
4. although ✗

Q.13 **Select the correct one-word substitution for the given group of words.**
**A person who loves or admires women**

Ans
✔ 1. Philogynist
✘ 2. Feminist
✘ 3. Misogynist
✘ 4. Androgynist

Q.14 **Select the synonym for the highlighted word in the sentence:**
**The timid boy spoke softly during the presentation.**

Ans
✘ 1. brave
✘ 2. bold
✔ 3. shy
✘ 4. shocked

Q.15 **Read the sentence carefully and identify the other meaning of the highlighted word used in the sentence.**
**The band played a lively tune at the concert.**

Ans
✘ 1. a group of dancers
✔ 2. a ring worn on a finger
✘ 3. a musical note
✘ 4. a wristwatch

## Section : Gujarati

Q.16 **નીચેનામાંથી કયા શબ્દમાં માત્ર દીર્ઘ સ્વરો જ સમાવિષ્ટ છે ?**

Ans
✔ 1. માલા
✘ 2. કવિતા
✘ 3. ગુલાબ
✘ 4. જુવાન

Q.17 **નીચેનામાંથી સાચી જોડણી શોધો.**

Ans
✘ 1. ગોવાળીયો
✘ 2. ગોવાલીયો
✔ 3. ગોવાળિયો
✘ 4. ગૌવાળિયો

Q.18 **અસીમ સી શાંતિ હસી રહી હતી : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.**

Ans
✔ 1. વંશસ્થ
✘ 2. ભુજંગી
✘ 3. દ્રુતવિલંબિત
✘ 4. તોટક

Q.19 **આપેલ વિકલ્પમાંથી કયું કર્મણિ વાક્ય નથી?**

Ans
✘ 1. મારાથી ડાળ તૂટશે
✔ 2. મેં રમકડું તોડ્યું
✘ 3. બોલ્ટ મારાથી ફર્યો
✘ 4. મારાથી એ બનશે

**Q.20** 'ફૈ' અક્ષરનું સ્વર-વ્યંજન જોડાણ કયું છે?

Ans
- ✗ 1. ફ્ + એ
- ✗ 2. ફ્ + ઔ
- ✓ 3. ફ્ + ઐ
- ✗ 4. ફ્ + ઓ

**Q.21** 'તેજ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

Ans
- ✓ 1. કાંતિ
- ✗ 2. ઝાંખપ
- ✗ 3. અંધકાર
- ✗ 4. નિસ્તેજતા

**Q.22** 'લોકપ્રિય' શબ્દનો સમાસ ઓળખાવો.

Ans
- ✓ 1. તત્પુરુષ
- ✗ 2. કર્મધારય
- ✗ 3. બહુવ્રીહિ
- ✗ 4. દ્વંદ્વ

**Q.23** નીચેનામાંથી સંજ્ઞા સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો.

Ans
- ✓ 1. સિંહના અવાજથી જંગલ ધ્રૂજી ઊઠ્યું.
- ✗ 2. ઈમારત બનેલી છે.
- ✗ 3. આ સુંદર ચિત્ર લગાવો.
- ✗ 4. મેં તેને જોયો હતો.

**Q.24** 'અન્નને ને દાંતને વેર' કહેવતનો અર્થ શું છે?

Ans
- ✗ 1. ખાવાનો શોખ હોવો
- ✓ 2. ખાવાના સાંસા હોવા
- ✗ 3. વધારે ભોજન કરવું
- ✗ 4. મહેનત કરવી

**Q.25** અલંકાર ઓળખાવો: દેવાંશીનું હાસ્ય એટલે સાક્ષાત સોનાનો સૂરજ.

Ans
- ✗ 1. વ્યાજસ્તુતિ અલંકાર
- ✗ 2. ઉપમા અલંકાર
- ✓ 3. રૂપક અલંકાર
- ✗ 4. વર્ણાનુપ્રાસ અલંકાર

**Q.26** નીચે આપેલ વાક્યોમાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.

Ans
- ✗ 1. ભારતીય સેનાની મુખ્ય ત્રણ પાંખોં છે: ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળ.
- ✗ 2. ભારતીયં સેનાની મુખ્ય ત્રણ પાંખો છે: ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળ.
- ✗ 3. ભારતીય સેનાની મુખ્ય ત્રણ પાંખો છે: ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળં.
- ✓ 4. ભારતીય સેનાની મુખ્ય ત્રણ પાંખો છે: ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળ.

**Q.27** 'આ પુસ્તક મારા ભાઈ દ્વારા લખવામાં આવ્યું છે.' વાક્યનું નીચેનામાંથી સાચું અંગેજી વિધાન કયું છે?

Ans
- ✗ 1. This book is writing by my brother.
- ✗ 2. This book has written by my brother.
- ✓ 3. This book has been written by my brother.
- ✗ 4. This book wrote by my brother.

**Q.28** **'આકાશ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.**

**Ans**
- ✗ 1. મહીપ
- ✓ 2. જલધિ
- ✓ 3. વ્યોમ
- ✗ 4. તરુ

**Q.29** **આ સાથે આપેલ ગુજરાતી વાક્યનો યોગ્ય અંગ્રેજી અનુવાદ ઓળખાવો : વિધિ બગીચામાં જાય છે.**

**Ans**
- ✗ 1. Vidhi is go to the garden.
- ✓ 2. Vidhi goes to the garden.
- ✗ 3. Vidhi go to the garden.
- ✗ 4. Vidhi going to the garden.

**Q.30** **નીચેનામાંથી કક્કાવારી મુજબ સાચો ક્રમ કયો છે?**

**Ans**
- ✗ 1. તારા, દડો, થાળી, ધજા
- ✓ 2. તારા, થાળી, દડો, ધજા
- ✗ 3. થાળી, તારા, ધજા, દડો
- ✗ 4. ધજા, દડો, થાળી, તારા

Section : **General Awareness and Current Affairs**

**Q.31** **જન વિશ્વાસ (જોગવાઈઓના સુધારા) અધિનિયમ, 2026 મુખ્યત્વે નીચેનામાંથી કયા ઉદ્દેશ્યને હાંસલ કરવા માટે અધિનિયમીત કરવામાં આવ્યો હતો?**

**Ans**
- ✓ 1. કેન્દ્રીય અધિનિયમોમાં ગુનાઓ અને દંડને અપરાધમુક્ત (Decriminalise) અથવા તર્કસંગત (rationalise) કરવા
- ✗ 2. ઔદ્યોગિક સાહસો (industrial enterprises)ની નોંધણી માટેની પ્રક્રિયાઓને સરળ બનાવવા
- ✗ 3. ભારતમાં ઔદ્યોગિક લાઇસન્સિંગનું સંચાલન કે નિયંત્રણ (governing) કરતા વાણિજ્યિક કાયદાઓને એકીકૃત કરવા
- ✗ 4. વેપાર સંબંધિત વિવાદોના નિરાકરણ માટે એકીકૃત ટ્રિબ્યુનલ (unified tribunal)ની સ્થાપના કરવા

**Q.32** **મૌર્ય સામ્રાજ્યમાં, કૃષિ વિભાગને સત્તાવાર રીતે શું કહેવામાં આવતું હતું અને તેના વડા કોણ હતા?**

**Ans**
- ✓ 1. સીતા વિભાગ, જેનું નેતૃત્વ સીતાધ્યક્ષ (Seetadyaksha) કરતા હતા.
- ✗ 2. વ્યાપાર વિભાગ, જેનું નેતૃત્વ પણ્યાધ્યક્ષ (Panyadhyaksha) કરતા હતા.
- ✗ 3. સૈન્ય વિભાગ, જેનું નેતૃત્વ સેનાપતિ (Senapati)કરતા હતા.
- ✗ 4. ખાણ વિભાગ, જેનું નેતૃત્વ આકરાધ્યક્ષ (Akaradhyaksha) કરતા હતા.

**Q.33** **કયા બંધારણીય સુધારા દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો, જેથી ભારતીય બંધારણના અનુચ્છેદ 40ના ઉદ્દેશ્યને અમલમાં મૂકી શકાયો?**

**Ans**
- ✓ 1. 73મો સુધારો
- ✗ 2. 86મો સુધારો
- ✗ 3. 42મો સુધારો
- ✗ 4. 74મો સુધારો

**Q.34** **મે 2026 માં સિંહ સંરક્ષણ પર યોજાયેલ ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ (IBCA) સમિટ-2026 ના પૂર્વ-કાર્યક્રમ (pre-event)નું આયોજન ગુજરાતમાં નીચેનામાંથી કયા સ્થળે કરવામાં આવ્યું હતું?**

**Ans**
- ✗ 1. વેળાવદર (Velavadar)
- ✗ 2. નળસરોવર
- ✓ 3. સાસણ ગીર
- ✗ 4. બરડા (Barda)

**Q.35** **હાઈકોર્ટનું કયું અધિકારક્ષેત્ર તેને મૂળભૂત અધિકારો અને અન્ય કાયદાકીય અધિકારોનું રક્ષણ કરવાની સત્તા આપે છે?**

Ans
- ✗ 1. અપીલ (Appellate) અધિકારક્ષેત્ર
- ✗ 2. સલાહકાર (Advisory) અધિકારક્ષેત્ર
- ✗ 3. મૂળ (Original) અધિકારક્ષેત્ર
- ✓ 4. રિટ (Writ) અધિકારક્ષેત્ર

**Q.36** **કયું વિધાન હડપ્પીય મુદ્રાઓ (સીલ) નું સાચી રીતે વર્ણન કરે છે?**

Ans
- ✗ 1. તેઓ સામાન્ય રીતે શાહી વાર્તાઓ સાથે ઉકેલાયેલા શિલાલેખો ધરાવે છે.
- ✗ 2. તેઓ સામાન્ય રીતે પશુઓના ચિત્રો વિના માત્ર માનવ આકૃતિઓ ધરાવે છે.
- ✗ 3. તેઓ સામાન્ય રીતે ચિત્રલિપિ શિલાલેખો વિના માત્ર ભૌમિતિક ડિઝાઇન ધરાવે છે.
- ✓ 4. તેઓ સામાન્ય રીતે ચિત્રલિપિ શિલાલેખોની સાથે પશુઓના ચિત્રો ધરાવે છે.

**Q.37** **નીચેનામાંથી કયા પ્રદેશો પર ક્ષોભ આવરણ (troposphere)ની જાડાઈ મહત્તમ હોય છે?**

Ans
- ✗ 1. પૃથ્વીના ધ્રુવીય પ્રદેશો
- ✗ 2. પૃથ્વીના સમશીતોષ્ણ પ્રદેશો
- ✗ 3.
પૃથ્વીના ઉપધ્રુવીય પ્રદેશો
- ✓ 4.
પૃથ્વીના વિષુવવૃત્તીય પ્રદેશો

**Q.38** **હોકી ઈન્ડિયાના 8મા વાર્ષિક પુરસ્કારોમાં, કોને વર્ષ 2025ના સર્વશ્રેષ્ઠ મહિલા ખેલાડી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા?**

Ans
- ✗ 1. દીપિકા
- ✓ 2. નવનીત કૌર
- ✗ 3. સલીમા ટેટે
- ✗ 4. સવિતા પુનિયા

**Q.39** **19મી સદીના ઉત્તરાર્ધમાં નીચેનામાંથી કોણે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી હતી?**

Ans
- ✗ 1. રામકૃષ્ણ પરમહંસ
- ✗ 2. એની બેસન્ટ
- ✗ 3. દેવેન્દ્રનાથ ટાગોર
- ✓ 4. સ્વામી વિવેકાનંદ

**Q.40** **માર્ચ 2026 માં યોજાયેલા 8મા વાર્ષિક હોકી ઈન્ડિયા એવોર્ડ્સમાં કોને મેજર ધ્યાનચંદ લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો?**

Ans
- ✗ 1. મનપ્રીત સિંહ
- ✓ 2.
ઝફર ઇકબાલ (Zafar Iqbal)
- ✗ 3.
ક્રેગ ફુલટન (Craig Fulton)
- ✗ 4.
સુખજીત સિંહ

**Q.41** **વેગ, ઝડપ કરતાં અલગ હોય છે કારણ કે વેગમાં હંમેશા_______ સામેલ હોય છે.**

Ans
- ✗ 1. બળની તીવ્રતા
- ✓ 2. ગતિની દિશા
- ✗ 3. ઊર્જાની માત્રા
- ✗ 4. દળનું મૂલ્ય

**Q.42** એક દડાને ઇમારતની ટોચ પરથી નીચે ફેંકવામાં આવે છે. હવાના અવરોધને અવગણતા, તેના પતન દરમિયાન નીચેનામાંથી શું અચળ રહે છે?

Ans
✗ 1. સ્થિતિ ઊર્જા
✗ 2. ઉષ્મા ઊર્જા
✗ 3. ગતિ ઊર્જા
✓ 4. યાંત્રિક ઊર્જા

**Q.43** જુલાઈ 2026માં, ભારતનું પ્રથમ ગ્રીનફિલ્ડ ઇન્ટિગ્રેટેડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ કયા સ્થળે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું હતું?

Ans
✗ 1. પાણિપત, હરિયાણા
✗ 2. લુધિયાણા, પંજાબ
✓ 3. પચપદ્રા, રાજસ્થાન
✗ 4. પારાદીપ, ઓડિશા

**Q.44** પૃથ્વી પર આવતા દૈનિક ભરતી-ઓટ માટે કયું ખગોળીય બળ સૌથી વધુ પ્રભાવશાળી ભાગ ભજવે છે?

Ans
✗ 1. સૌર કોરોનામાંથી નીકળતા સૌર પવનો
✗ 2. પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર
✗ 3. સૂર્યનું ગુરુત્વાકર્ષણ બળ
✓ 4. ચંદ્રનું ગુરુત્વાકર્ષણ બળ

**Q.45** નીચેનામાંથી કયું વિધાન એ બાબતને શ્રેષ્ઠ રીતે સમજાવે છે કે મિશ્ર પાક-પશુપાલન ખેતી (mixed crop-livestock farming) ભારતમાં નાના અને સીમાંત ખેડૂતોને કેવી રીતે લાભ પહોંચાડે છે?

Ans
✗ 1. તે શહેરી ખાદ્ય પુરવઠામાં વધારો, વધુ આયાત અને અન્નના નીચા ભાવો પૂરા પાડે છે.
✓ 2. તે સ્થિર આવક, વધુ સારું પોષણ અને રોજગારીની વધારાની તકો પૂરી પાડે છે.
✗ 3. તે ઉચ્ચ પાક ઉત્પાદન, મોટા જમીનધારણો અને વધુ નિકાસ કમાણી પૂરી પાડે છે.
✗ 4. તે ઉચ્ચ પરિવહન કાર્યક્ષમતા, ઓછો ઉત્પાદન ખર્ચ અને બજાર સુધી સરળ પહોંચ પૂરી પાડે છે.

**Q.46** સિંધુ ખીણની સંસ્કૃતિના નગર આયોજનનું સૌથી શ્રેષ્ઠ વર્ણન કઈ વિશેષતા કરે છે?

Ans
✓ 1. નગરોમાં સુઆયોજિત શેરીઓ અને ગટર પ્રણાલી હતી.
✗ 2. નગરોમાં ગટર કે સ્વચ્છતા પ્રણાલી નહોતી.
✗ 3. નગરોમાં યોગ્ય આયોજન વગરની અસ્તવ્યસ્ત શેરીઓ હતી.
✗ 4. નગરોનો વિકાસ કોઈ પણ કેન્દ્રીય આયોજન વગર થયો હતો.

**Q.47** નીચેનામાંથી કઈ જાહેર ક્ષેત્રના સાહસો (public sector enterprises) ના ખાનગીકરણની પદ્ધતિ નથી?

Ans
✓ 1. પ્રબંધકીય નિર્ણયો લેવામાં સ્વાયત્તતા આપવી
✗ 2. સાહસનું સંપૂર્ણ વેચાણ
✗ 3. જાહેર ક્ષેત્રની કંપનીઓની ઈક્વિટી જનતાને વેચવી
✗ 4. સરકારી માલિકી અને સંચાલન પાછું ખેંચવું

**Q.48** 1905 માં શરૂ થયેલી સ્વદેશી ચળવળની મુખ્ય વેપારી કેન્દ્રો પર જોવા મળેલી નોંધપાત્ર આર્થિક અસર કઈ હતી?

Ans
✓ 1. બ્રિટિશ માલની આયાતમાં ઘટાડો થવો
✗ 2. ભારતીય મસાલાની નિકાસમાં વધારો થવો
✗ 3. બ્રિટિશ કાપડ મિલો (textile factories)નો વિસ્તાર થવો
✗ 4. સોનાના ખનનની પ્રવૃત્તિઓ (mining activities)માં વધારો થવો

**Q.49** **નીચેનામાંથી કયું વિધાન જીવાવરણની અંદર નાઇટ્રોજનના વહનનું યોગ્ય રીતે વર્ણન કરે છે?**

Ans
- ✗ 1. નાઇટ્રોજન માત્ર વાતાવરણ અને જમીન વચ્ચે વહન પામે છે.
- ✗ 2. નાઇટ્રોજન માત્ર વાતાવરણ અને જીવંત સજીવો વચ્ચે વહન પામે છે.
- ✓ 3. નાઇટ્રોજન વાતાવરણ, જમીન અને જીવંત સજીવો વચ્ચે વહન પામે છે.
- ✗ 4. નાઈટ્રોજન માત્ર જમીન અને જીવંત સજીવો વચ્ચે વહન પામે છે.

**Q.50** **નીચેનામાંથી કયું વિધાન શ્રેષ્ઠ રીતે સમજાવે છે કે બજાર અર્થતંત્ર એ શું અને કેટલું ઉત્પાદન કરવું તે કેવી રીતે નક્કી કરે છે?**

Ans
- ✗ 1. ઉત્પાદનના નિર્ણયોના માર્ગદર્શન માટે સરકારના નિર્દેશો (government directives) પર આધાર રાખીને
- ✗ 2. ઉત્પાદનના નિર્ણયોના માર્ગદર્શન માટે કસ્ટમ્સ (customs) અને પરંપરાઓ પર આધાર રાખીને
- ✓ 3. ઉત્પાદનના નિર્ણયોના માર્ગદર્શન માટે કિંમતના સંકેતો (price signals) પર આધાર રાખીને
- ✗ 4. ઉત્પાદનના નિર્ણયોના માર્ગદર્શન માટે યાદચ્છિક ફાળવણી (random allocation) પર આધાર રાખીને

**Q.51** **વર્લ્ડ ઇનડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ્સ 2028નું આયોજન કયો દેશ કરશે?**

Ans
- ✗ 1. દુબઈ
- ✓ 2. ભારત
- ✗ 3. સાઉદી અરેબિયા
- ✗ 4. ફ્રાન્સ

**Q.52** **વિશ્વની પ્રથમ સંકલિત વૈશ્વિક યુનિવર્સિટી તરીકે એપ્રિલ 2026માં શરૂ થયેલી વનતારા યુનિવર્સિટી (Vantara University) ભારતના કયા રાજ્યમાં આવેલી છે?**

Ans
- ✗ 1. મધ્યપ્રદેશ
- ✗ 2. મહારાષ્ટ્ર
- ✗ 3. રાજસ્થાન
- ✓ 4. ગુજરાત

**Q.53** **ગુજરાત @75 પહેલ અંતર્ગત આયોજિત 'ગુજરાત સ્ટેટ કોન્કલેવ 2026' માં નીચેમાંથી કઈ સત્તાવાર થીમ અપનાવવામાં આવી હતી?**

Ans
- ✗ 1. બિલ્ડીંગ ડિજિટલ ઈન્ડિયા થ્રુ ટેકનોલોજી (Building Digital India through Technology)
- ✗ 2. એક્સલેરેટિંગ ઈન્ડસ્ટ્રિયલ ગ્રોથ ઈન ઈન્ડિયા (Accelerating Industrial Growth in India)
- ✗ 3. એમ્પાવરિંગ રૂરલ ગુજરાત થ્રુ ઈનોવેશન (Empowering Rural Gujarat through Innovation)
- ✓ 4. લીડિંગ ધ નેશન ફોર વિકસિત ભારત (Leading the Nation for Viksit Bharat)

**Q.54** **માર્ચ 2026માં, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલી 30 kW વાઈડ બેન્ડ ગેપ (WBG)-આધારિત ઈન્ટીગ્રેટેડ ડ્રાઈવ સિસ્ટમ (IDS) મુખ્યત્વે કયા ઉપયોગ માટે વિકસાવવામાં આવી હતી?**

Ans
- ✗ 1. હાઈ-સ્પીડ રેલવે (High-speed railways)
- ✗ 2. સંરક્ષણ વિમાન (Defence aircraft)
- ✗ 3. ઔદ્યોગિક ઓટોમેશન (Industrial automation)
- ✓ 4. ઇલેક્ટ્રિક વાહનો (Electric vehicles)

**Q.55** **બેવડું નાગરિકત્વ આપતા કેટલાક સંઘીય દેશો કરતાં અલગ, ભારત કઈ વ્યવસ્થા અનુસરે છે?**

Ans
- ✗ 1. રાજ્યવાર નાગરિકત્વ
- ✗ 2. બેવડું નાગરિકત્વ
- ✓ 3. એકલ નાગરિકત્વ
- ✗ 4. નાગરિકત્વની કોઈ વ્યવસ્થા જ નથી.

**Q.56** **નીચેનામાંથી કઈ ઘટનાને ભૂ-ભૌતિકીય આપત્તિ (Geophysical hazard) તરીકે વર્ગીકૃત કરવામાં આવેલી છે?**

**Ans**
- ✗ 1. હિમવર્ષા
- ✓ 2. જ્વાળામુખી વિસ્ફોટ
- ✗ 3. પૂર
- ✗ 4. વાદળ ફાટવું

**Q.57** **વિજયનગર સમયગાળા દરમિયાન કઈ ભાષાનો નોંધપાત્ર વિકાસ થયો હોવાથી તેને સંસ્કૃતથી અલગ રીતે હાઈલાઈટ કરવામાં આવે છે?**

**Ans**
- ✗ 1. બંગાળી
- ✗ 2. મરાઠી
- ✗ 3. ગુજરાતી
- ✓ 4. તેલુગુ

**Q.58** **ISSF જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ 2026 ની મેડલ ટેલીમાં કયો દેશ પ્રથમ સ્થાને રહ્યો?**

**Ans**
- ✓ 1. ભારત
- ✗ 2. પોલેન્ડ
- ✗ 3. યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા
- ✗ 4. ઇટલી

**Q.59** **રેલવે પાટાઓને જોડવા માટે ઉપયોગમાં લેવાતી થર્માઇટ પ્રક્રિયા (thermit reaction)માં, ઍલ્યુમિનિયમ પાવડર આ પ્રક્રિયા દરમિયાન કઈ ભૂમિકા ભજવે છે?**

**Ans**
- ✗ 1. સંગલન (fusion) દરમિયાન ઉદ્દીપક તરીકે કામ કરે છે.
- ✗ 2. આયર્નના પરમાણુઓના સ્ત્રોત તરીકે કાર્ય કરે છે.
- ✗ 3. પાટાઓ વચ્ચે પૂરક પદાર્થ (filler) તરીકે કાર્ય કરે છે.
- ✓ 4. આયર્ન ઑક્સાઇડ માટે રીડ્યુશિંગ એજન્ટ તરીકે કાર્ય કરે છે.

**Q.60** **નીચે આપેલી વિશેષતાઓ ધરાવતું કયું મંદિર રાજરાજ ચોલ (Rajaraja Chola) દ્વારા આશરે ઈ.સ. 1009 માં નિર્મિત કરવામાં આવ્યું હતું?**

**વિશેષતાઓ:**
**લગભગ 70 મીટરની ઊંચાઈ ધરાવતું એક વિશાળ પિરામિડ આકારનું બહુમાળી વિમાન (multi-storeyed vimana) અને તેની ટોચ પર અષ્ટકોણીય ઘુમ્મટ આકારની સ્તૂપિકા (stupika) ધરાવતું મોનોલિથિક શિખર (monolithic shikhara)**

**Ans**
- ✗ 1. કૈલાસનાથ મંદિર (Kailasanatha Temple)
- ✗ 2. શોર મંદિર (Shore Temple)
- ✓ 3. બૃહદેશ્વર મંદિર (Brahadeeswarar Temple)
- ✗ 4. મીનાક્ષી મંદિર (Meenakshi Temple)

Section : **Quantitative Aptitude**

**Q.61** **2 વર્ષ માટે વાર્ષિક 8% ના દરે વાર્ષિક ધોરણે ચક્રવૃદ્ધિ પામતા, ચક્રવૃદ્ધિ વ્યાજે ₹5,000 ની રકમનું રોકાણ કરવામાં આવે છે. તો 2 વર્ષના અંતે કુલ રકમ કેટલી હશે?**

**Ans**
- ✗ 1. ₹5,932
- ✓ 2. ₹5,832
- ✗ 3. ₹6,032
- ✗ 4. ₹5,732

**Q.62** એક સાયકલિસ્ટ 25 km/h ની ઝડપે 4 કલાકમાં અમુક ચોક્કસ અંતર કાપે છે. બીજો સાયકલિસ્ટ 2 કલાકમાં સમાન અંતર કાપે છે. બીજા સાયકલિસ્ટની ઝડપ કેટલી છે?

**Ans**
✔ 1. 50 km/h
✘ 2. 25 km/h
✘ 3. 40 km/h
✘ 4. 30 km/h

**Q.63** એક ફળ વિક્રેતા એવા ભાવે કેરીઓ ખરીદે છે, જ્યાં 25 કેરીઓની પડતર કિંમત એ 20 કેરીના વેચાણ કિંમત જેટલી થાય છે. વિક્રેતાને કેટલા ટકા નફો થશે?

**Ans**
✘ 1. 20%
✔ 2. 25%
✘ 3. 30%
✘ 4. 15%

**Q.64** આપેલી સંખ્યાઓ 21, 25, 21, 23, 24, 21, 22 માટે બહુલક કેટલો છે?

**Ans**
✘ 1. 22
✘ 2. 24
✘ 3. 23
✔ 4. 21

**Q.65** જો તમામ લઘુકોણ A માટે નિત્યસમ (identity) $1 + 2\sin^2A\cos^2A = \sin^4A + \cos^4A + k\sin^2A\cos^2A$ આપેલા હોય, તો અચળાંક k નું મૂલ્ય શોધો.

**Ans**
✘ 1. 6
✔ 2. 4
✘ 3. 2
✘ 4. 3

**Q.66** એક વ્યક્તિ એક ફિક્સ્ડ ડિપોઝિટ યોજનામાં ₹16,000 જમા કરાવે છે, જે અર્ધવાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામતા વાર્ષિક 10% નો ચક્રવૃદ્ધિ વ્યાજ દર ઓફર કરે છે. તો 1 વર્ષના અંતે મળતી કુલ રકમ (total amount) કેટલી હશે?

**Ans**
✘ 1. ₹19,640
✘ 2. ₹18,640
✔ 3. ₹17,640
✘ 4. ₹20,640

**Q.67** જો tan θ નું મૂલ્ય 7/9 હોય, તો cot θ નું મૂલ્ય શોધો.

**Ans**
✘ 1. $\frac{7}{9}$
✔ 2. $\frac{9}{7}$
✘ 3. $\frac{3}{5}$
✘ 4. $\frac{5}{3}$

**Q.68** એક શહેરની મૂળ વસ્તી 1,20,000 હતી. સ્થળાંતરને કારણે, પ્રથમ વર્ષમાં વસ્તીમાં 22%નો ઘટાડો થયો. તેના પછીના વર્ષે, વસ્તીમાં વધારો થયો અને તે 1,12,320 પર પહોંચી ગઈ. તો બીજા વર્ષ દરમિયાન વસ્તીમાં કેટલા ટકાનો વધારો થયો હતો?

**Ans**
✘ 1. 15%
✘ 2. 22%
✘ 3. 18%
✔ 4. 20%

Q.69 સાદા વ્યાજ દરે રોકાણ કરેલી એક રકમ 20 વર્ષમાં બમણી થઈ જાય છે. તે કેટલા સમયમાં પોતાની ત્રણ ગણી થશે?

Ans
- ✗ 1. 30 વર્ષ
- ✗ 2. 45 વર્ષ
- ✗ 3. 35 વર્ષ
- ✓ 4. 40 વર્ષ

Q.70 લાલ લખોટીઓ અને વાદળી લખોટીઓનો ગુણોત્તર 5:7 છે, અને વાદળી લખોટીઓ અને લીલી લખોટીઓનો ગુણોત્તર 7:2 છે. કયા રંગની લખોટીઓની સંખ્યા સૌથી ઓછી હશે?

Ans
- ✗ 1. લાલ લખોટીઓ
- ✗ 2. બધા રંગની લખોટીઓ સમાન સંખ્યામાં છે.
- ✓ 3. લીલી લખોટીઓ
- ✗ 4. વાદળી લખોટીઓ

Q.71 આવૃત્ત દશાંશ સંખ્યા 0.23333... ને તેના અતિસંક્ષિપ્ત સ્વરૂપમાં અપૂર્ણાંક તરીકે દર્શાવો.

Ans
- ✓ 1. $\frac{7}{30}$
- ✗ 2. $\frac{2}{9}$
- ✗ 3. $\frac{7}{33}$
- ✗ 4. $\frac{23}{99}$

Q.72 એક વાહન કુલ 240 km અંતર કાપે છે. તે મુસાફરીનો એક-ચતુર્થાંશ ભાગ 15 km/h ની ઝડપે, મુસાફરીનો અડધો ભાગ 20 km/h ની ઝડપે અને બચેલો એક-ચતુર્થાંશ ભાગ 30 km/h ની ઝડપે કાપે છે. સમગ્ર મુસાફરી માટે વાહનની સરેરાશ ઝડપ કેટલી છે?

Ans
- ✗ 1. 18 km/h
- ✗ 2. 22 km/h
- ✓ 3. 20 km/h
- ✗ 4. 24 km/h

Q.73 એક દુકાનદાર શર્ટની કિંમત ₹80થી ઘટાડીને ₹64 કરે છે. તો કિંમતમાં કેટલા ટકાનો ઘટાડો થયો?

Ans
- ✗ 1. 25%
- ✓ 2. 20%
- ✗ 3. 12%
- ✗ 4. 16%

Q.74 એક વિદ્યાર્થી 24 નોટબુક માટે ચૂકવણી કરે છે પરંતુ માત્ર 21 નોટબુક મેળવે છે. તો તેને કેટલો નફો અથવા ખોટ થાય છે?

Ans
- ✗ 1. ખોટ, 15%
- ✗ 2. નફો, 15%
- ✓ 3. ખોટ, 12.5%
- ✗ 4. નફો, 12.5%

Q.75 એક નળાકાર સ્તંભની ત્રિજ્યા 4 m અને ઊંચાઈ 10 m છે. તેની વક્રસપાટીને રંગવાનો ખર્ચ ₹14 પ્રતિ $m^2$ છે. તો સ્તંભને રંગવાનો કુલ ખર્ચ શોધો. ($\pi$ = 22/7 લો)

Ans
- ✗ 1. ₹3320
- ✗ 2. ₹3620
- ✓ 3. ₹3520
- ✗ 4. ₹3410

Q.76 જો એક શર્ટ 10% ના નફા સાથે ₹165 માં વેચાય છે, તો તેની પડતર કિંમત (₹માં) કેટલી છે?

Ans
- ✗ 1. 155
- ✗ 2. 140
- ✗ 3. 145
- ✓ 4. 150

Q.77 પોઈન્ટ P એ A(2, 2) અને B(8, 2) ને જોડતા રેખાખંડનું 1 : 2 ના ગુણોત્તરમાં બહિર્વિભાજન કરે છે. તો P ના યામ શું હશે?

Ans
- ✗ 1. (10, 2)
- ✓ 2. (-4, 2)
- ✗ 3. (12, 2)
- ✗ 4. (-2, 2)

Q.78 A અને B એ અનુક્રમે ₹48,000 અને ₹60,000 નું મૂડી રોકાણ કરીને એક વ્યવસાય શરૂ કર્યો. 8 મહિના પછી, A એ તેના રોકાણમાંથી ₹12,000 પરત ઉપાડી લીધા, જ્યારે B એ સમગ્ર વર્ષ માટે તે જ રોકાણ ચાલુ રાખ્યું. જો વર્ષના અંતે કુલ નફો ₹1,45,600 થયો હોય, તો નફામાં B નો હિસ્સો કેટલો હશે?

Ans
- ✗ 1. ₹80,000
- ✓ 2. ₹84,000
- ✗ 3. ₹1,08,000
- ✗ 4. ₹96,000

Q.79 એક કાર 30 km/h ની ઝડપે 60 km અંતર કાપે છે અને બીજું 60 km અંતર 60 km/h ની ઝડપે કાપે છે. સમગ્ર મુસાફરી દરમિયાન તેની સરેરાશ ઝડપ કેટલી હશે?

Ans
- ✗ 1. 35 km/h
- ✓ 2. 40 km/h
- ✗ 3. 45 km/h
- ✗ 4. 50 km/h

Q.80 8,16 અને 20 નું ચોથું પ્રમાણપદ શું થશે?

Ans
- ✓ 1. 40
- ✗ 2. 24
- ✗ 3. 48
- ✗ 4. 32

Q.81 k ના કયા મૂલ્ય માટે $x^2 + 6x + k = 0$ નો બરાબર એક જ વાસ્તવિક ઉકેલ (one real solution) રહેશે?

Ans
- ✓ 1. k = 9
- ✗ 2. k = 8
- ✗ 3. k = 6
- ✗ 4. k = 12

Q.82 વિદ્યાર્થીઓ દ્વારા એક મહિનામાં વંચાયેલા પુસ્તકોની સંખ્યા માટે નીચે આપેલ વર્ગીકૃત માહિતીનો સંદર્ભ લો.

| વર્ગ અંતરાલ | આવૃત્તિ |
|---|---|
| 0-5 | 4 |
| 5-10 | x |
| 10-15 | 18 |
| 15-20 | 7 |
| 20-25 | 1 |

જો આ માહિતીનો બહુલક 12 હોય, તો x નું મૂલ્ય કેટલું થશે? (નજીકના પૂર્ણાંકમાં ફેરવો)

Ans
✗ 1. 9
✓ 2. 11
✗ 3. 16
✗ 4. 13

Q.83 લીના એક ઓરડાને 9 કલાકમાં સાફ કરી શકે છે, અને પ્રિયા તેને 18 કલાકમાં સાફ કરી શકે છે. જો તેઓ એકસાથે મળીને 4 કલાક કામ કરે, તો ઓરડાનો કેટલો ભાગ સાફ કરવાનો બાકી રહેશે?

Ans
✗ 1. $\frac{1}{2}$
✓ 2. $\frac{1}{3}$
✗ 3. $\frac{1}{6}$
✗ 4. $\frac{1}{4}$

Q.84 એક શંકુની ત્રિજ્યા 14 cm અને ઊંચાઈ 21 cm છે. બીજા એક શંકુની ઊંચાઈ પણ તેટલી જ છે, પરંતુ તેનું ઘનફળ પ્રથમ શંકુના ઘનફળ કરતાં ચાર ગણું છે. તો આ બીજા શંકુની ત્રિજ્યા શોધો.

Ans
✓ 1. 28 cm
✗ 2. 20 cm
✗ 3. 18 cm
✗ 4. 24 cm

Q.85 જો સાત અંકોની સંખ્યા 543x61y એ 72 વડે વિભાજ્ય હોય, તો 5x - 3y નું મૂલ્ય કેટલું થશે?

Ans
✗ 1. -7
✓ 2. -8
✗ 3. 8
✗ 4. 7

Q.86 એક દુકાન પેન્સિલ અને રબર વેચે છે. જો 2 પેન્સિલ અને 3 રબરની કુલ કિંમત ₹13 હોય, તથા 4 પેન્સિલ અને 1 રબરની કુલ કિંમત ₹11 હોય, તો આ પરિસ્થિતિને દર્શાવતું રેખીય સમીકરણ યુગ્મ કયું છે (જ્યાં ₹x એ 1 પેન્સિલની કિંમત અને ₹y એ 1 રબરની કિંમત છે)?

Ans
✗ 1. x + 3y = 13 અને 2x + y = 11
✗ 2. 2x + y = 13 અને 3x + 4y = 11
✗ 3. 3x + 2y = 13 અને x + 4y = 11
✓ 4. 2x + 3y = 13 અને 4x + y = 11

Q.87 જો A અને B સાથે મળીને 10 કલાકમાં એક કામ કરી શકે છે, અને A એકલો એ કામ 15 કલાકમાં કરી શકે છે, તો B એકલો કેટલા કલાક લેશે?

Ans
- ✗ 1. 15 કલાક
- ✓ 2. 30 કલાક
- ✗ 3. 25 કલાક
- ✗ 4. 20 કલાક

Q.88 પાઈપ B એક ટાંકીને 8 કલાકમાં ભરી શકે છે, અને પાઈપ C તે જ ટાંકીને 16 કલાકમાં ભરી શકે છે. તો બંને પાઇપ એકસાથે એક કલાકમાં ટાંકીનો કેટલો ભાગ ભરી શકે છે?

Ans
- ✗ 1. $\frac{7}{16}$
- ✗ 2. $\frac{5}{16}$
- ✗ 3. $\frac{1}{16}$
- ✓ 4. $\frac{3}{16}$

Q.89 દ્વિઘાત સૂત્રનો ઉપયોગ કરીને દ્વિઘાત સમીકરણ $7x^2 - 18x + 8 = 0$ નાં બીજ શોધો.

Ans
- ✗ 1. $2$ અને $-\frac{4}{7}$
- ✗ 2. $-2$ અને $\frac{4}{7}$
- ✓ 3. $2$ અને $\frac{4}{7}$
- ✗ 4. $-2$ અને $-\frac{4}{7}$

Q.90 એક વિદ્યાર્થી એવો દાવો કરે છે કે નળાકારની ત્રિજ્યામાં 25% નો ઘટાડો કરવાથી અને તેની ઊંચાઈમાં 25% નો વધારો કરવાથી તેનું ઘનફળ (volume) અચળ રહે છે. તો શું આ દાવો સાચો છે? (ટકાવારી ફેરફારને નજીકના પૂર્ણાંક સુધી આવરીને જવાબ આપો.)

Ans
- ✓ 1. ના, ઘનફળમાં 30% નો ઘટાડો થાય છે.
- ✗ 2. ના, ઘનફળમાં 24% નો ઘટાડો થાય છે.
- ✗ 3. હા, ઘનફળ અપરિવર્તિત રહે છે.
- ✗ 4. ના, ઘનફળમાં 26% નો ઘટાડો થાય છે.

## Section : **Reasoning**

Q.91 A, B, C, Q, S અને T એક જ ઈમારતના છ અલગ-અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને આ જ ક્રમ અનુસરતા ઉપરના માળોને ક્રમાંક આપેલા છે, આ અનુક્રમમાં સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે.
Q એ માળ ક્રમાંક 4 પર રહે છે. Q અને S ની વચ્ચે ફક્ત બે લોકો રહે છે. Q અને T ની વચ્ચે ફક્ત A રહે છે. B એ Q ની તરત નીચે રહે છે.
માળ ક્રમાંક 2 પર કોણ રહે છે?

Ans
- ✗ 1. T
- ✗ 2. A
- ✗ 3. S
- ✓ 4. C

Q.92 નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની રહેશે.
(ડાબી બાજુ) L L U W S Q R O C F T U D J Y Q Y D R W T (જમણી બાજુ)
એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલા એક સ્વર આવે છે અને તરત જ પછી પણ એક સ્વર આવે છે?

Ans
1. બે
2. એક
3. ત્રણ
4. એકપણ નહીં

Q.93 નીચે આપેલા શબ્દોની ગોઠણવીને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.
1. પખવાડિયું
2. દિવસ
3. કલાક
4. સેકન્ડ
5. મિનિટ

Ans
1. 4, 5, 3, 2, 1
2. 1, 2, 4, 5, 3
3. 4, 3, 1, 5, 2
4. 3, 1, 2, 4, 5

Q.94 છ પિતરાઈ ભાઈ-બહેનો - રિતુ, દીપક, કામિની, સાગર, વંદના અને હિતેશ પૈકી દરેકની ઉંમર જુદી જુદી છે. દીપક, રિતુ કરતાં મોટો છે. કામિની, દીપક કરતાં મોટી છે. સાગર, રિતુ કરતાં નાનો છે. વંદના, કામિની કરતાં મોટી છે. હિતેશ, સાગર કરતાં નાનો છે. રિતુ કરતાં મોટી પરંતુ કામિની કરતાં નાની ઉંમરની વ્યક્તિ કોણ છે?

Ans
1. સાગર
2. વંદના
3. દીપક
4. હિતેશ

Q.95 નીચેનામાંથી એવો વિકલ્પ પસંદ કરો જેમાં આપેલા નામ અને સરનામાની તમામ વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.

Mr. Arpit Nag
Flat No. 23, ATS Green,
Noida, Uttar Pradesh – 201301

Ans
1. Mr. Arpit Nag, Flat No. 23, ATS Green, Noida, Uttar Pradesh – 201310
2. Mr. Arpit Nag, Flat No. 23, ATS Green, Noida, Uttar Pradesh – 201301
3. Mr. Arpit Negi, Flat No. 23, ATS Green, Noida, Uttar Pradesh – 201301
4. Mr. Arpit Nag, Flat No. 32, ATS Green, Noida, Uttar Pradesh – 201301

Q.96 મિ. ઝાઈ બિંદુ A થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને ઉત્તર દિશા તરફ 3 km ડ્રાઈવ કરે છે. પછી, તે ડાબી બાજુ વળાંક લે છે અને 6 km ડ્રાઈવ કરે છે. ત્યારબાદ, તે હજુ એકવાર ડાબી બાજુ વળાંક લે છે અને 18 km ડ્રાઈવ કરે છે. તેના પછી, તે ડાબી બાજુ વળાંક લે છે અને 21 km ડ્રાઈવ કરે છે. તે છેલ્લી વાર ડાબી બાજુ વળાંક લે છે અને 15 km ડ્રાઈવ કરીને બિંદુ P પર થોભે છે. તો ફરીથી બિંદુ A પર પહોંચવા માટે તેમણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશા તરફ ડ્રાઇવ કરવું જોઈએ? (તમામ વળાંક માત્ર 90-ડિગ્રીના વળાંક છે, સિવાય કે ઉલ્લેખિત હોય.)

Ans
1. 17 km દક્ષિણ તરફ
2. 18 km દક્ષિણ તરફ
3. 12 km પૂર્વ તરફ
4.
15 km પશ્ચિમ તરફ

Q.97 નીચે આપેલી ત્રિપુટીઓમાં, એક ચોક્કસ તર્કને અનુસરીને અક્ષરોનો દરેક સમૂહ એ અનુગામી (subsequent) અક્ષર સમૂહ સાથે સંબંધિત છે. આપેલા વિકલ્પોમાંથી તે વિકલ્પ પસંદ કરો જે સમાન તર્કને અનુસરે છે.
TWND – DTWN – NDTW
TPWI – ITPW – WITP

Ans
✔ 1. QOFY – YQOF – FYQO
✘ 2. QBKL - BKLQ - KLQB
✘ 3. ALDM - LDMA - DMAL
✘ 4. GCZJ - CZJG - ZJGC

Q.98 સાત લોકો - E, G, I, K, M, O અને T એક હરોળમાં ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેસે છે. K ની ડાબી બાજુએ માત્ર બે લોકો બેસે છે. K અને T ની વચ્ચે માત્ર ત્રણ લોકો બેસે છે. I એ K ની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે. I અને O ની વચ્ચે માત્ર બે લોકો બેસે છે. E એ G ની જમણી બાજુએ કોઈ એક સ્થાને બેસે છે પરંતુ M ની ડાબી બાજુએ કોઈ એક સ્થાને પણ બેસે છે. તો E ની જમણી બાજુએ કેટલા લોકો બેસે છે?

Ans
✘ 1. એક
✘ 2. ચાર
✔ 3. ત્રણ
✘ 4. બે

Q.99 એક ચોક્કસ સાંકેતિક ભાષામાં, 'SUMP' ને સંકેતમાં '8931' તરીકે લખવામાં આવે છે અને 'MASU' ને સંકેતમાં '8213' તરીકે લખવામાં આવે છે. આપેલી સાંકેતિક ભાષામાં, 'A' માટેનો સંકેત શું છે?

Ans
✘ 1. 3
✔ 2. 2
✘ 3. 1
✘ 4. 8

Q.100 જો નીચેના સમીકરણમાં '+' અને '-' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે તથા 'x' અને '÷' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો પ્રશ્નચિહ્ન '?' ના સ્થાને શું આવશે?
25 + 45 ÷ 44 x 11 - 29 = ?

Ans
✘ 1. -124
✔ 2. -126
✘ 3. -128
✘ 4. -127

Q.101 FLUXGATE શબ્દના દરેક સ્વરને બદલીને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પછી આવતા અક્ષરને મૂકવામાં આવે છે અને દરેક વ્યંજનને બદલીને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પહેલાં આવતા અક્ષરને મૂકવામાં આવે છે. આ રીતે બનેલા અક્ષરોના સમૂહમાં નીચેનામાંથી કયો અક્ષર બરાબર બે વાર દેખાશે?

Ans
✘ 1. S
✔ 2. F
✘ 3. E
✘ 4. W

Q.102 એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
A + B નો અર્થ થાય છે કે 'A એ B ના પિતા છે'
A – B નો અર્થ થાય છે કે 'A એ B નો પુત્ર છે'
A x B નો અર્થ થાય છે કે 'A એ B નો ભાઈ છે'
A ÷ B નો અર્થ થાય છે કે 'A એ B ની પુત્રી છે'
આપેલી માહિતીને આધારે, જો 'P x Q ÷ R – S + T' હોય, તો P એ T સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
✘ 1. બહેનનો પુત્ર
✔ 2. ભાઈનો પુત્ર
✘ 3. પુત્રીનો પુત્ર
✘ 4. પુત્રનો પુત્ર

**Q.103** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**બિંદુ B ની સાપેક્ષે બિંદુ A કઈ દિશામાં છે?**
**વિધાન I: એક વ્યક્તિ B થી શરૂ કરીને 3 મીટર ઉત્તરમાં અને 4 મીટર પશ્ચિમમાં ચાલીને A પર પહોંચે છે.**
**વિધાન II: બિંદુ A અને બિંદુ B વચ્ચેનું સૌથી ટૂંકું અંતર 5 મીટર છે.**

Ans
✗ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✓ 2. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

✗ 4. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.104** **સાત બોક્સ, C, D, E, F, I, J અને Z, એકબીજા ઉપર રાખવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં હોય. Eની નીચે માત્ર ત્રણ જ બોક્સ રાખવામાં આવ્યા છે. E અને Iની વચ્ચે માત્ર બે જ બોક્સ રાખવામાં આવ્યા છે. Zની ઉપર માત્ર C રાખવામાં આવ્યું છે. J ને Dની નીચેના કોઈક એક સ્થાને અને Fની ઉપરના કોઈક સ્થાને રાખવામાં આવ્યું છે. તળિયેથી બીજા સ્થાને કયું બોક્સ રાખવામાં આવ્યું છે?**

Ans
✗ 1. I

✗ 2. Z

✗ 3. C

✓ 4. F

**Q.105** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**
**6 વ્યક્તિઓ ગિરીશ, હરિ, જતીન, કાવ્ય, લીલા અને મોહન પૈકી દરેકનું વજન અલગ-અલગ છે, તેમાંથી સૌથી ભારે કોણ છે?**
**(I) જતીન એ ગિરીશ કરતાં ભારે છે. હરિ એ જતીન કરતાં ભારે છે. કાવ્ય એ ગિરીશ કરતાં હળવો છે.**
**(II) લીલા એ કાવ્ય કરતાં ભારે છે. મોહન એ હરિ કરતાં ભારે છે.**

Ans
✗ 1. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 2. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતીને એકસાથે લેતાં (અને એકલા વિધાન I અથવા એકલા વિધાન II ની માહિતી નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

✓ 3. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 4. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.106** **નીચે સંખ્યાના બે ગણ આપેલા છે. દરેક ગણમાં, પ્રથમ સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે બીજી સંખ્યા મળે છે. એ જ રીતે, બીજી સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે ત્રીજી સંખ્યા મળે છે અને આ રીતે આ ક્રિયા આગળ ચાલે છે. આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ એ સમાન ક્રિયાઓને અનુસરે છે જે પ્રશ્નમાં આપેલા ગણ દ્વારા અનુસરવામાં આવી છે?**
**(નોંધ - બે/ ત્રણ અંકોની સંખ્યાને ક્રિયાઓ માટે વ્યક્તિગત અંકોમાં અલગ કરી શકાય નહિ, ઉદાહરણ તરીકે, જો 37 પછી 10 આવે, તો ક્રિયા 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં છૂટી પાડી શકાતી નથી.)**

**5 - 9 - 72 - 84**
**16 - 20 - 160 - 172**

Ans
✗ 1. 9 - 15 - 150 - 162

✓ 2. 40 - 44 - 352 - 364

✗ 3. 9 - 14 - 109 - 122

✗ 4. 49 - 56 - 448 - 460

Q.107 જો LEGACY શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન અપરિવર્તિત રહેશે?

Ans
1. ત્રણ
2. એક પણ નહીં
3. બે
4. એક ✔

Q.108 નીચે આપેલા વિકલ્પોમાંથી એવો વિકલ્પ પસંદ કરો જેમાં આપેલું નામ અને સરનામું સંપૂર્ણપણે સાચી રીતે દર્શાવેલું હોય.

Mr. Dharmendrasinh J. Chudasama, B/304, Shreenathji Apartment, Opp. Swaminarayan Mandir, Shahibaug, Ahmedabad, Gujarat – 380004

Ans
1. Mr. Dharmendrasinh J. Chudasama, B/304, Shreenathji Apartment, Opp. Swaminarayan Mandir, Shahibaug, Ahmedabad, Gujarat – 380040
2. Mr. Dharmendrasinh J. Chudasama, B/304, Shreenathji Apartment, Opp. Swaminarayan Mandir, Shahibaug, Ahmedabad, Gujrat – 380004
3. Mr. Dharmendrasinh J. Chudasama, B/304, Shreenathji Apartment, Opp. Swaminarayan Mandir, Shahibaug, Ahmedabad, Gujarat – 380004 ✔
4. Mr. Dharmendrasinh J. Chudasama, B/304, Shreenathji Apartment, Opp. Swaminaryan Mandir, Shahibaug, Ahmedabad, Gujarat – 380004

Q.109 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
1. YZ-CW ✔
2. ST-UV
3. LM-NO
4. PQ-RS

Q.110 નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવી શકે તેવું સૌથી નજીકનું અંદાજિત મૂલ્ય નીચેનામાંથી કયું હશે?

89.95 ÷ 9.05 + 16.99 x 3.01 = ?

Ans
1. 61 ✔
2. 85
3. 48
4. 75

Q.111 નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?)નાં સ્થાને શું આવવું જોઈએ?

37 42 54 73 99 ?

Ans
1. 134
2. 131
3. 132 ✔
4. 130

Q.112 E, F, G, H, K, L અને M દરેકની પરીક્ષા અઠવાડિયાના અલગ અલગ દિવસે છે, જે સોમવારથી શરૂ થાય છે અને તે જ અઠવાડિયાના રવિવારે સમાપ્ત થાય છે.
L અને E ની પરીક્ષાના વચ્ચે માત્ર ત્રણ લોકોની પરીક્ષા છે. M અને G ની પરીક્ષાના વચ્ચે માત્ર ત્રણ લોકોની પરીક્ષા છે. K ની પરીક્ષા એ E ની પરીક્ષાના પહેલાના કોઈ એક દિવસે અને F ની પરીક્ષાના પછીના કોઈ એક દિવસે છે. G ની પરીક્ષાના પહેલા માત્ર H ની પરીક્ષા છે.
L પછી કેટલા લોકોની પરીક્ષા(ઓ) છે?

Ans
✔ 1. ચાર
✘ 2. એક
✘ 3. બે
✘ 4. ત્રણ

Q.113 નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.
(ડાબી બાજુ) A X I H H E X D V X R C S N B A C G H Q T A R G (જમણી બાજુ)
એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત પહેલા એક સ્વર આવે છે અને તરત પછી એક વ્યંજન પણ આવે છે?

Ans
✘ 1. એક
✘ 2. ત્રણ
✘ 3. બે
✔ 4. ચાર

Q.114 જો 'A' નો અર્થ '÷', 'B' નો અર્થ 'x', 'C' નો અર્થ '+' અને 'D' નો અર્થ '-' હોય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન '?' નાં સ્થાને શું આવશે?

36 D 23 C 21 B 36 A 12 = ?

Ans
✔ 1. 76
✘ 2. 75
✘ 3. 77
✘ 4. 78

Q.115 આપેલા શબ્દો અંગ્રેજી શબ્દકોશના ક્રમમાં ક્રમબદ્ધ રીતે ગોઠવાયેલા હોય તે દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.

1. Garden
2. Brush
3. Tiger
4. Lamp

Ans
✘ 1. 2, 4, 3, 1
✔ 2. 2, 1, 4, 3
✘ 3. 3, 1, 4, 2
✘ 4. 1, 4, 3, 2

Q.116 પાંચ મિત્રો, B, F, J, P અને T પૈકી દરેકે પરીક્ષામાં અલગ-અલગ ગુણ મેળવ્યા છે. B એ J કરતાં વધુ ગુણ મેળવ્યા છે. J એ P કરતાં વધુ ગુણ મેળવ્યા છે. F એ B કરતાં વધુ ગુણ મેળવ્યા છે. T એ P કરતાં ઓછા ગુણ મેળવ્યા છે. નીચેની ખાલી જગ્યા પૂરો.
તે પરીક્ષામાં ______ એ સૌથી ઓછા ગુણ મેળવ્યા છે.

Ans
✘ 1. J
✘ 2. F
✔ 3. T
✘ 4. B

Q.117 આ પ્રશ્નમાં, નીચે આપેલા સંખ્યાઓ/પ્રતીકોને તેની નીચે આપેલા અક્ષર કૂટ (કોડ) નો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ કૂટબદ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા કૂટ (કોડ) નું સાચું સંયોજન એ તમારો જવાબ રહેશે. જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના કોડને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવામાં આવવા જોઈએ.

સંખ્યા/પ્રતીક 9 # + ! & 6 7 3 ? 4 * 5 @ 8

કૂટ (કોડ) N B L R F A K T H V W J Z X

શરતો –

(i) જો પહેલો ઘટક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો આ કિસ્સામાં પ્રથમ અને છેલ્લા ઘટકોનાં કોડને એકબીજા સાથે બદલવા પડશે.

(ii) જો પહેલો ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એ એક બેકી સંખ્યા હોય, તો પહેલા અને છેલ્લા ઘટકોને © તરીકે કૂટબદ્ધ કરવું પડશે.

(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણ વર્ગ સંખ્યા હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટક માટે જે કોડ છે તેનાથી કૂટબદ્ધ કરવું પડશે.

9 6 8 3 +

Ans
✔ 1. NAXTL
✘ 2. NBXTL
✘ 3. NAXTB
✘ 4. NARTL

Q.118 નીચે આપેલી અક્ષર-પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) F # V C @ Q J U £ # R $ F # D V N ^ J Y Q H E D L % (જમણી બાજુ)

એવા કેટલા અક્ષરો છે, જે દરેકની તરત જ પહેલાં એક પ્રતીક આવે છે અને તરત જ પછી એક અક્ષર પણ આવે છે?

Ans
✘ 1. ત્રણ
✘ 2. એક
✔ 3. ચાર
✘ 4. બે

Q.119 પાંચ મિત્રો, ગિરીશ, કવિતા, મોહન, પ્રીતિ અને સુરેશ, અલગ-અલગ ઉંમરના છે. સુરેશ એ ગિરીશ કરતાં મોટો છે. ગિરીશ એ મોહન કરતાં મોટો છે. કવિતા એ સુરેશ કરતાં મોટી છે. પ્રીતિ એ મોહન કરતાં નાની છે.

નીચેની ખાલી જગ્યા પૂરો.

_____ આ જૂથમાં ત્રીજા ક્રમે સૌથી મોટી વ્યક્તિ છે.

Ans
✘ 1. મોહન
✔ 2. ગિરીશ
✘ 3. સુરેશ
✘ 4. કવિતા

Q.120 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં તે તમારે નક્કી કરવાનું છે. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ પસંદ કરો.

ચાર વ્યક્તિઓ, M, N, O અને P પૈકી દરેક એક ચાર માળની ઇમારતના અલગ-અલગ માળ પર રહે છે. સૌથી નીચેના માળનો ક્રમ 1 અને સૌથી ઉપરના માળનો ક્રમ 4 છે. સૌથી નીચેના માળ પર કોણ રહે છે?

**વિધાન I:** M માળ 2 પર રહે છે, અને N એ M ની તરત જ નીચે રહે છે.

**વિધાન II:** O એ P ની તરત જ ઉપર રહે છે. P એ N ની ઉપરના કોઈ એક માળ પર રહે છે.

Ans
✘ 1. માત્ર વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે માત્ર વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
✔ 2. માત્ર વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે માત્ર વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
✘ 3. વિધાન I અને II બંનેની માહિતી એકસાથે મળીને પણ પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી નથી.
✘ 4. વિધાન I અને વિધાન II બંનેમાં આપેલી માહિતી એકસાથે મળીને જ (અને માત્ર વિધાન I અથવા માત્ર વિધાન II અલગથી ઉત્તર આપવા માટે પૂરતું નથી) પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે.

Q.121 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંક ધરાવતા બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ નક્કી કરો.

પ્રશ્ન. ચાર વ્યક્તિઓ A, B, C અને D પૈકી દરેકનું વજન અલગ-અલગ છે. તેમાંથી સૌથી વધુ વજન કોનું છે?
વિધાન I: A નું વજન B કરતાં વધુ છે. C નું વજન D કરતાં ઓછું છે.
વિધાન II: D નું વજન A કરતાં વધુ છે, અને A નું વજન B અને C કરતાં વધુ છે.

Ans
✗ 1. માત્ર વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે માત્ર વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
✓ 2. માત્ર વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે માત્ર વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
✗ 3. વિધાન I અને II બંનેની માહિતી એકસાથે મળીને પણ પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી નથી.
✗ 4. વિધાન I અને II બંનેની માહિતી એકસાથે મળીને પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે (પરંતુ માત્ર વિધાન I કે માત્ર વિધાન II પૂરતું નથી).

Q.122 એક પરિવારમાં 8 વ્યક્તિઓ C, F, J, N, Q, T, X અને Z છે. C એ F ની પત્ની છે. J એ C ની પુત્રી છે. N એ J નો ભાઈ છે. Q એ J નો પતિ છે. T એ J નો પુત્ર છે. X એ Q ની પુત્રી છે. Z એ C નો ભાઈ છે. નીચેની ખાલી જગ્યા પૂરો.
N એ T ના/ની ______ છે.

Ans
✗ 1. પિતાના ભાઈ
✗ 2. પિતાના પિતા
✓ 3. માતાના ભાઈ
✗ 4. પિતા

Q.123 જો 16 જૂન 2005 ના રોજ ગુરુવાર છે, તો 20 ઓક્ટોબર 2020 ના રોજ અઠવાડિયાનો કયો દિવસ હશે?

Ans
✗ 1. રવિવાર
✓ 2. મંગળવાર
✗ 3. સોમવાર
✗ 4. બુધવાર

Q.124 GARDEN શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ અનુસાર ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા નવા અક્ષર સમૂહમાં જે અક્ષર ડાબેથી ચોથો છે અને જે જમણેથી બીજો છે તેમની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો છે?

Ans
✗ 1. પાંચ
✓ 2. છ
✗ 3. આઠ
✗ 4. સાત

Q.125 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન '?' નાં સ્થાને શું આવવું જોઈએ?
EPZ HSC KVF NYI ?

Ans
✗ 1. TDO
✗ 2. PSJ
✗ 3. RGM
✓ 4. QBL

Q.126 ઉત્તર તરફ મુખ કરીને ઉભેલા 105 વિદ્યાર્થીઓની એક હરોળમાં, રાજેશનું સ્થાન ડાબા છેડેથી 82મું છે અને નેહાનું સ્થાન જમણા છેડેથી 32મું છે. તો રાજેશ અને નેહા વચ્ચે કેટલા વિદ્યાર્થીઓ છે?

Ans
✗ 1. 5
✗ 2. 8
✓ 3. 7
✗ 4. 4

**Q.127** **નીચે આપેલી સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબેથી જમણે કરવાની છે. બધી સંખ્યાઓ ફક્ત એક અંકની સંખ્યાઓ છે.**

**(ડાબી બાજુ) 5 @ 3 # 8 & 2 $ 6 % 4 * 1 £ 7 (જમણી બાજુ)**

**એવા કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત પહેલાં એક સંખ્યા આવે છે અને તરત પછી પણ એક સંખ્યા આવે છે?**

**Ans**
- ✗ 1. ત્રણ
- ✗ 2. પાંચ
- ✓ 3. પાંચ કરતાં વધુ
- ✗ 4. ચાર

**Q.128** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. તમારે એ નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે કે નહિ. બંને વિધાનો વાંચો અને યોગ્ય ઉત્તર નક્કી કરો.**

**Q. પાંચ બાળકો J, K, L, M અને Nની ઊંચાઈ અલગ-અલગ છે. સૌથી નીચું કોણ છે?**

**વિધાન I: J એ K અને L કરતાં નીચો છે.**
**વિધાન II: M એ J અને N કરતાં નીચો છે.**

**Ans**
- ✗ 1. માત્ર વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
- ✗ 2. માત્ર વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
- ✗ 3. વિધાનો I અને II બંનેની માહિતી એકસાથે મળીને પણ પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી નથી.
- ✓ 4. વિધાનો I અને II બંનેની માહિતી એકસાથે મળીને પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે (માત્ર વિધાન I કે માત્ર વિધાન II પૂરતું નથી).

**Q.129** **જો 19 જુલાઈ 2013 ના રોજ શુક્રવાર હોય, તો 3 નવેમ્બર 2024 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?**

**Ans**
- ✗ 1. શુક્રવાર
- ✗ 2. શનિવાર
- ✓ 3. રવિવાર
- ✗ 4. સોમવાર

**Q.130** **નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ડાબી બાજુએથી જમણી બાજુ કરવાની રહેશે.**

**(ડાબી બાજુ) J F O R W J T Z U Q A V R J V D E I D D X R E I J T (જમણી બાજુ)**
**એવા કેટલાં સ્વરો છે કે જે દરેકની તરત જ પહેલાં એક વ્યંજન આવે છે અને તરત પછી પણ એક વ્યંજન આવે છે?**

**Ans**
- ✗ 1. ચાર
- ✓ 2. ત્રણ
- ✗ 3. એક
- ✗ 4. બે

Q.131 આ પ્રશ્નમાં, નીચે આપેલા સંખ્યાઓ/પ્રતીકોને તેની નીચે આપેલા અક્ષર કૂટ (કોડ) નો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ કૂટબદ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા કૂટ (કોડ) નું સાચું સંયોજન એ તમારો જવાબ રહેશે. જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના કોડને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવામાં આવવા જોઈએ.

| | |
|---|---|
| સંખ્યા/પ્રતીક | 6 & 1 $ 7 2 @ 5 # 8 |
| કૂટ (કોડ) | N G R L P Z F K T H |

શરતો–

(i) જો પહેલો ઘટક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો આ કિસ્સામાં બે ઘટકો (પ્રથમ અને છેલ્લા ઘટકો) નાં કોડને એકબીજા સાથે બદલવા પડશે.

(ii) જો પહેલો ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એ એક બેકી સંખ્યા હોય, તો પહેલા અને છેલ્લા ઘટકોને © તરીકે કૂટબદ્ધ કરવું પડશે.

(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણ વર્ગ સંખ્યા હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટક માટે જે કોડ છે તેનાથી કૂટબદ્ધ કરવું પડશે.

@ 5 & 6 7

Ans
✔ 1. P K G N F
✘ 2. P G G N F
✘ 3. P G K N F
✘ 4. P K K N F

Q.132 જો સંખ્યા 3427185 માં દરેક એકી અંકમાં 1 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનેલી નવી સંખ્યામાં ડાબી બાજુથી બીજા અંક અને જમણી બાજુથી બીજા અંકનો તફાવત કેટલો હશે?

Ans
✘ 1. 3
✘ 2. 5
✔ 3. 4
✘ 4. 2

Q.133 M, N, G અને I બધા જ મૂળાક્ષરોનો ઉપયોગ કરીને પરંતુ દરેક શબ્દમાં દરેક મૂળાક્ષરનો માત્ર એક જ વાર ઉપયોગ કરીને બધા મૂળાક્ષરો સાથે કેટલા અર્થપૂર્ણ ચાર-અક્ષરના અંગ્રેજી શબ્દો બનાવી શકાય?

Ans
✘ 1. ત્રણ
✘ 2. બે
✔ 3. એકપણ નહીં
✘ 4. એક

Q.134 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંક ધરાવતા બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ નક્કી કરો.

**પ્રશ્ન.** ચાર વ્યક્તિઓ M, N, O અને Q પૈકી દરેકની ઉંમર અલગ-અલગ છે. તેમાંથી સૌથી મોટું કોણ છે?
**વિધાન I:** M એ N અને O કરતાં મોટો છે. Q સૌથી નાનો છે.
**વિધાન II:** N એ O અને Q કરતાં મોટો છે.

Ans
✘ 1. વિધાન I અને II બંનેની માહિતી એકસાથે મળીને પણ પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી નથી.
✘ 2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✘ 3. માત્ર વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે માત્ર વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
✔ 4. માત્ર વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે માત્ર વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.

Q.135 આ પ્રશ્ન એ નીચે આપેલા શબ્દો પર આધારિત છે:
NOTE COLD GOLD LAMP
દરેક શબ્દમાં, દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પછીના અક્ષરમાં બદલવામાં આવે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પહેલાના અક્ષરમાં બદલવામાં આવે છે. તો આ રીતે બનેલા કેટલા અક્ષર-સમૂહમાં, એક પણ સ્વર દેખાશે નહીં?

Ans
✘ 1. એક
✘ 2. ચાર
✔ 3. ત્રણ
✘ 4. બે

Q.136 નીચે આપેલા વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. ધારી લો કે વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ હોય, અને નક્કી કરો કે આપેલા તારણોમાંથી કયું તારણ/ કયા તારણો વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે.

વિધાન: કેટલાક ફોન, લેપટોપ છે. બધા લેપટોપ, સ્પીકર્સ છે.

તારણ (I): કેટલાક સ્પીકર્સ, ફોન છે.
તારણ (II): કોઈ સ્પીકર, ફોન નથી.

Ans
✔ 1. ફક્ત તારણ (I) અનુસરે છે.
✘ 2. ન તો તારણ (I) કે ન તો તારણ (II) અનુસરે છે.
✘ 3. (I) અને (II) બંને તારણો અનુસરે છે.
✘ 4. ફક્ત તારણ (II) અનુસરે છે.

Q.137 એક પરિવારમાં 8 વ્યક્તિઓ C, F, J, M, Q, T, W અને Z છે. C એ F ના પિતા છે. J એ F ની બહેન છે. M એ C ની પત્ની છે. Q એ J નો પતિ છે. T એ J નો પુત્ર છે. W એ Q ની પુત્રી છે. Z એ F નો ભાઈ છે. નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.
C એ Q નો/ની ______ છે.

Ans
✔ 1. પત્નીના પિતા
✘ 2. પતિના પિતા
✘ 3. માતાના પિતા
✘ 4. પિતાના ભાઈ

Q.138 આ પ્રશ્ન નીચે આપેલી પાંચ સંખ્યાઓ પર આધારિત છે.
(ડાબી બાજુ) 8064 266 6734 5459 349 (જમણી બાજુ)
નોંધ: બધી ક્રિયાઓ (ઓપરેશન્સ) ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.
જો બધી સંખ્યાઓને ડાબી બાજુથી જમણી બાજુ ચડતા ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલી સંખ્યાઓનું સ્થાન અપરિવર્તિત રહેશે?

Ans
✘ 1. એક
✔ 2. એકપણ નહીં
✘ 3. ત્રણ
✘ 4. બે

Q.139 આપેલા શબ્દો અંગ્રેજી શબ્દકોશના ક્રમમાં ક્રમબદ્ધ રીતે ગોઠવાયેલા હોય તે દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.

1. Apple
2. River
3. Chair
4. Moon

Ans
✘ 1. 2, 4, 3, 1
✘ 2. 3, 1, 4, 2
✘ 3. 1, 4, 3, 2
✔ 4. 1, 3, 4, 2

Q.140 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલ છે. નક્કી કરો કે પ્રશ્નનો ઉત્તર આપવા માટે વિધાનોમાં આપેલી માહિતી પૂરતી છે કે નથી. બંને વિધાનો વાંચો અને યોગ્ય ઉત્તર નક્કી કરો.

પ્રશ્ન. જો વર્ષ X ની 1લી ફેબ્રુઆરીના રોજ રવિવાર હોય, તો તે જ વર્ષની 1લી માર્ચના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?
વિધાન I: ફેબ્રુઆરી મહિનામાં 29 દિવસ છે.
વિધાન II: વર્ષ X એ 4 વડે વિભાજ્ય છે.

Ans
✘ 1. વિધાન I અને II બંનેની માહિતી એકસાથે મળીને પણ પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી નથી
✘ 2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✘ 3. માત્ર વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે માત્ર વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી
✔ 4. માત્ર વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે માત્ર વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી

Q.141 મિસ્ટર બસી પોઈન્ટ A થી શરૂ કરે છે અને દક્ષિણ તરફ 17 km ડ્રાઇવ કરે છે. તે પછી જમણો વળાંક લે છે, 21 km ડ્રાઇવ કરે છે, ફરી જમણો વળાંક લે છે અને 29 km ડ્રાઇવ કરે છે. તે પછી ફરીથી જમણો વળાંક લે છે અને 30 km ડ્રાઇવ કરે છે. તે અંતિમ જમણો વળાંક લે છે, 12 km ડ્રાઇવ કરે છે અને પોઈન્ટ P પર રોકાય છે. પોઈન્ટ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં વાહન ડ્રાઇવ કરવું જોઈએ? (તમામ વળાંક માત્ર 90-ડિગ્રી વળાંક છે સિવાય કે ઉલ્લેખિત હોય.)

Ans
✗ 1. 11 km પશ્ચિમ તરફ
✓ 2. 9 km પશ્ચિમ તરફ
✗ 3. 11 km પૂર્વ તરફ
✗ 4. 9 km પૂર્વ તરફ

Q.142 આ પ્રશ્ન નીચે આપેલી પાંચ સંખ્યાઓ પર આધારિત છે.
(ડાબી બાજુ) 1123 683 1457 754 479 (જમણી બાજુ)
નોંધ: બધી ક્રિયાઓ (ઓપરેશન્સ) ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.
જો દરેક સંખ્યાના પ્રથમ અંકમાં 2 ઉમેરવામાં આવે, તો કેટલી સંખ્યાઓમાં પ્રથમ અંક એ બીજા અંક વડે નિ:શેષ વિભાજ્ય હશે?

Ans
✗ 1. એક
✗ 2. ચાર
✗ 3. ત્રણ
✓ 4. બે

Q.143 C, F, G, M, N, Q અને X એક વર્તુળાકાર મેજની ફરતે તેના કેન્દ્ર તરફ મોં રાખીને બેસે છે. F ની ડાબી બાજુએ ગણતરી કરવામાં આવે, તો F અને Q ની વચ્ચે માત્ર ત્રણ લોકો બેસે છે. M ની જમણી બાજુએ ગણતરી કરવામાં આવે, તો X અને M ની વચ્ચે માત્ર ત્રણ લોકો બેસે છે. C એ X ની તરત જમણી બાજુએ બેસે છે. N એ M અને Q બંનેની તરત બાજુમાં બેસે છે. N ની જમણી બાજુએ ગણતરી કરવામાં આવે, તો C અને N ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

Ans
✗ 1. 2
✗ 2. 4
✓ 3. 3
✗ 4. 1

Q.144 આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે નીચેનામાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?

BDL 5, DFN 10, FHP 15, HJR 20, ?

Ans
✗ 1. ILR 22
✓ 2. JLT 25
✗ 3. JNV 30
✗ 4. KMP 27

Q.145 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. તમારે એ નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે કે નહિ. બંને વિધાનો વાંચો અને યોગ્ય ઉત્તર નક્કી કરો.

Q. જો વર્ષ X ની 5મી ફેબ્રુઆરીએ ગુરુવાર હોય, તો તે જ વર્ષની 5મી જુલાઈએ અઠવાડિયાનો કયો વાર આવશે?

વિધાન I: વર્ષ X એ લિપ વર્ષ નથી.
વિધાન II: વર્ષ Y એ વર્ષ X+1 છે.

Ans
✗ 1. વિધાનો I અને II બંનેની માહિતી એકસાથે મળીને પણ પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી નથી.
✗ 2. માત્ર વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
✗ 3. વિધાનો I અને II બંનેની માહિતી એકસાથે મળીને પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે (માત્ર વિધાન I કે માત્ર વિધાન II પૂરતું નથી).
✓ 4. માત્ર વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.

Q.146 અમુક ચોક્કસ તર્કને અનુસરીને, 21 એ 104 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 32 એ 148 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને 19 એ કયા વિકલ્પની સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં વિભાજીત કરીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans
✗ 1. 97
✗ 2. 92
✗ 3. 94
✓ 4. 96

Q.147 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી? (નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/ સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
✗ 1. GJL
✗ 2. LOQ
✗ 3. BEG
✓ 4. DGJ

Q.148 અંગ્રેજી મૂળાક્ષરના ક્રમના આધારે NSBL એ અમુક ચોક્કસ રીતે OTCM સાથે સંબંધિત છે. તે જ રીતે, SVKM એ TWLN સાથે સંબંધિત છે. તે સમાન તર્કને અનુસરીને, LBDK એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

Ans
✓ 1. MCEL
✗ 2. BNKD
✗ 3. KPQJ
✗ 4. DMOF

Q.149 ઉત્તર તરફ મુખ રાખીને બેસેલા 85 વિદ્યાર્થીઓની હરોળમાં, પૂજા ડાબા છેડાથી 63મા ક્રમે છે અને રાહુલ જમણા છેડાથી 29મા ક્રમે છે.
નીચેની ખાલી જગ્યા પૂરો.
પૂજા અને રાહુલ વચ્ચે ફક્ત _______ વિદ્યાર્થીઓ બેસે છે.

Ans
✗ 1. 7
✗ 2. 4
✓ 3. 5
✗ 4. 6

Q.150 એક એક્યુરેટ ઘડિયાળ (accurate clock) 8:25 am વાગ્યા બતાવે છે. સમાન દિવસે જ્યારે આ ઘડિયાળ 2:13 pm વાગ્યા બતાવશે, ત્યારે કલાકનો કાંટો કેટલા અંશ (ડિગ્રી) ફરશે?

Ans
✗ 1. 172°
✗ 2. 168°
✓ 3. 174°
✗ 4. 170°

"